# મોડાસા નગરપાલિકા શહેરીજનોને પુરા પાડતા પાણીના જથ્થા પર કાપ

મોડાસા, તા. ૧૫

મોડાસા શહેરીજનોને દરરોજ નગરપાલિકા તંત્ર દ્વારા પાણીમાં કાપ મૂકી દરરોજ પાણીના બદલે રવિવારથી એકાંતરે દિવસે પાણી આપવાની જાહેરાત થતા




નગરજનોએ પાણી દરરોજ આપવાની માંગ કરી રહ્યા છે.

મોડાસા નગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ૧૫૦૦૦ રહેણાંક વિસ્તારોમાં અને ૨૦૦૦ કોમર્શિયલ સ્થળોએ નળ દ્વારા પાણીનો જથ્થો પહોંચાડવામાં આવે છે. મોડાસા નગરપાલિકા પાણી પુરવઠા સમિતિ દ્વારા ૧૬ ડિસેમ્બરથી નગરમાં એકાંતરે દિવસે પાણી આપવાની જાહેરાત સાથે દરરોજ ૪૫ મિનિટ્સ પાણી આપવાના બદલે એકાંતરે દિવસે ૭૫ મિનિટ્સ પાણી આપવાનું ઠરાવવામાં આવ્યું છે. પાણી એકાંતરે દિવસે આપવાનું કારણ અંગે જણાવ્યું હતું કે પાણી નો વેડફાટ થતો હોવાથી અને ગંદકી પણ થતી હોવાથી પાણી પર કાપ મુકવામાં આવ્યો છે. બીજીબાજુ નગરજનોમાં પાણીનો વેડફાટ નગરપાલિકાની પાણીનો જથ્થો પૂરો પાડતી પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા વધુ થતો હોવાનું આક્રોશપૂર્વક જણાવી પાણીનો જથ્થો એકાંતરે દિવસના બદલે દરરોજ આપવામાં આવેની માંગ કરી રહ્યા છે.

માઝુમ ડેમમાંથી પાણી લઈ શુદ્ધિકરણ કરાયા બાદ શહેરીજનોને રોજિંદા અને પીવાના પાણી માટે એક કરોડ વિસ લાખ (૧.૨૦) કરોડ જથ્થો પૂરો પાડવામાં આવે છે. નગરપાલિકા તંત્ર દ્વારા

## કડીના પીઆઈ લાંચ લેતા ઝડપાયા

મહેસાણા જિલ્લાના કડી ટાઉન પોલીસમથકના પીઆઈ પી.એસ.ગઢવી આજે રૂ.૨૫ હજારની લાંચ લેતાં એસીબીના હાથે રંગેહાથ ઝડપાઈ જતાં રાજયભરના પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે. પીઆઈ પી.એસ.ગઢવી કડી પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડ બહાર જ જાહેર રોડ પર લાંચ લેતા ઝડપાતાં ખળભળાટ મચી ગયો છે. આ સમાચારને પગલે રાજય પોલીસ તંત્રના લાંચિયા પોલીસ અધિકારીઓ-કર્મચારીઓમાં પણ ફફડાટની લાગણી ફેલાઈ ગઈ છે.

એન્ટી કરપ્શન બ્યુરોના અધિકારી દ્વારા ગોઠવાયેલા લાંચના છટકામાં આજે કડીના પીઆઈ ગઢવી અને ગ્રામ્ય રક્ષક દળ(જીઆરડી) જવાન પરાગ પટેલ આબાદ ઝડપાઈ ગયા હતા. એસીબીના અધિકારીઓએ પીઆઈ પાસેથી લાંચની રકમના રૂ.૨૫ હજાર પણ જપ્ત કરાઈ હતી.

# પાકિસ્તાન કે મસ્જિદમાં જવાથી મત નહિ મળે : પ્રવિણ તોગડીયા

હિંમતનગર, તા. ૧૫

એ.એચ.પી ના અધ્યક્ષ પ્રવીણ તોગડીયા સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર ખાતે યોજાયેલ એ.એચ.પી.ની સભામાં અને મોડાસા ખાતે એ.એચ.પી.ના અગ્રણી કિરીટ શાહના દીકરાના લગ્ન પ્રસંગે હાજરી આપવા પહોંચ્યા હતા ત્યારે તાજેતરમાં યોજાયેલ ૫ રાજયોની ચૂંટણીમાં ભાજપનો વ્હાઈટવોશ અંગે ચુટકી લેતા જણાવ્યું હતું કે રામ મંદિરની ચિંતા ન કરે, ખેડૂતોની સમસ્યા અને બેરોજગાર યુવાનોની સમસ્યા કરવાને બદલે પાકિસ્તાન અને મસ્જિદ જવાથી પાકિસ્તાન થોડું મત આપવાનું છે કહી નરેન્દ્ર મોદીની પાકિસ્તાનની મુલાકાત અંગે ટીખળ કરી હતી. ૫ રાજ્યોમાં જે રીતે હાર થઈ હતી તેવી ગુજરાતમાં અને લોકસભામાં પરાજયનો સામનો કરવો પડશે ખેડૂતોએ જ ભાજપને હરાવી હોવાનું જણાવ્યું હતું.

પ્રવીણ તોગડીયા શનિવારે ખેડૂતોના વિવિધ તકલીફો મુદ્દે દહેગામ થી ગાંધીનગર સુધી હજ્જારો ખેડૂતો સાથે કૂચ કરવાના છે. તે અંગે જણાવ્યું હતું કે દહેગામના ખેડૂતો અને પશુપાલકોને ઉત્તમ ડેરી દૂધના ભાવ ઓછા આપતી હોવાથી વર્ષે દહાડે


તસવીર : મેહુલ જોષી

૩૫ કરોડથી વધુનું નુકસાન ભોગવી રહ્યા છે. દહેગામનો મધુર ડેરીમાં સમાવેશ કરવાની માંગ સુજલામ સુફલામની જાહેરાત કરી પાણી બંધ કરી દીધુ હોવાથી ખેડૂતોના પાક નિષ્ફળ રહેતા અને પાક ઉપજના પૂરતા ભાવ મળતા ન હોવાથી ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા છે. ખેડૂતોના દેવા માફ કરવાની માંગ સાથે વિવિધ મુદ્દે કૂચ કરવામાં આવશે હાલ મગફળીના ટેકાના ભાવે મગફળી ખરીદીમાં પડતી તકલીફો અને રૂપિયા ચુકવવામાં ઢીલી નીતિ અંગે પ્રવિણ તોગડીયાએ જણાવ્યુ હતુ કે બધા ખેડુતો બહાર નિકળો અને સરકારનો ઘેરાવો કરવા અને ખેડુત ભીખ નથી માગતો એના પરસેવાનો ભાવ માગે છે અને સરકાર ભાવ નહિ આપે તો ત્રણ રાજ્યોના જેવા ગુજરાતમાં પણ હાલ થશે તેવું ભારપુર્વક જણાવ્યું હતું. મોડાસા અને હિંમતનગર શહેરની મુલાકત સમયે મોટી સંખ્યામાં હિન્દુ અગ્રણીઓ, એએચપીનાં કાર્યકરો અને બજરંગ દળના કાર્યકરો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને ''જય જય શ્રી રામ'' ના નારા ગુંજી ઉઠ્યા હતા.

## મોડાસા તાલુકાના ખંભીસર પ્રાથમિક શાળા ચોથા તબક્કનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૧૫

અરજદારોને આવકના દાખલા જાતીના દાખલા રેશનકાર્ડ, મા અમૃતમ કાર્ડ, ક્રિમીનલ, ડોમીસાઈલ, સોગંદનામું, વાત્સલ્યકાર્ડ, વિધવા સહાય યોજના કસ્તુરબા પોષણ સહાય યોજના સ્થળ ઉપર આપવામાં આવ્યા હતાં.

આ સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ દાખલાઓ મેળવવા તાલુકાઓની કચેરીઓમાં જવાને બદલે ઘર આંગણે વિવિધ યોજનાઓનો લાભ થાય. જિલ્લામાં અત્યારે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં આવરી લેતાં સેવાસેતુ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેમાં વહીવટીતંત્ર દ્વારા પારદર્શક કામગીરી થાય તેવા પ્રયાસો કરવામાં આવે છે અને અરજદારોને સરકારી લાભ મેળવવાના હેતુથી પ્રમાણપત્રો સેવાસેતુ કાર્યક્રમ દરમ્યાન આપવામાં આવે છે.

જેના ભાગરૂપે ખંભીસર ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ સેવાસેતુ કાર્યક્રમમાં કુલ ૭૬૮ અરજીઓનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવ્યો હતો. આ સેવાસેતુ કાર્યક્રમમાં મામલતદાર, સમાજ સુરક્ષા તેમજ ગ્રામજનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ખીમણા ઉત્તર બુનિયાદી હાઈસ્કૂલના આચાર્યએ ધો. ૧૧ના વિદ્યાર્થીને માર મારવાનો કિસ્સો ઠંડીની સીઝનમાં ગરમાયો

કાંકરેજ, તા. ૧૫

કાંકરેજ તાલુકાના ખીમણા ઉ.બુનિયાદી હાઈસ્કૂલના આચાર્ય પ્રધાનજી રંગુજી ઠાકોરે મંગળવારે


તસવીર : આશારામ રાવલ

ધો.૧૧માં ઉ.બુ.હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા એક ૧૬ વર્ષના વિદ્યાર્થીને કોઈક અગમ્ય કારણોસર ધોકા વડે ઢોર માર મારેલ અને ગંભીર રીતે ઘાયલ કરેલ ત્યારે ધોકા વડે બે રહેમીથી માર મારતા આ બાળકના પુરા શરીરે ચાઠા પડી ગયેલા તેની ફરિયાદ શિહોરી પોલીસ સ્ટેશને નોંધાવા પામી છે. ત્યારબાદ આ વિદ્યાર્થીને દુખાવો થતા શિહોરી રેફરલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલ અને વધુ સારવાર પાટણ ખાતે અપાવેલ આ ક્રૂરતાપૂર્વક બેરહેમીથી માર મારનાર શાળાના આચાર્ય પ્રધાનજી ઠાકોર પર લોકો ફિટકાર વરસાવી રહયા છે. ત્યારે આ આચાર્ય પર ફરિયાદ નોંધાવાને પાંચ દિવસ થયા હોવા છતાં પોલીસ પક્કડથી દુર રહ્યો છે અને ફરિયાદ નોંધાવાની જાણ થતા જ ભૂગર્ભમા ઉતરી ગયો છે. શિહોરી પોલીસ પુરા જોસથી આ આચાર્ય આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે પરંતુ આરોપી શાળાનો આચાર્ય ભૂગર્ભમા ઉતરી ગયો છે. આવા મિજાજના ગુરુઓને શાળામાંથી દૂર કરવા જોઈએ. નાના ભુલકાઓ સરસ્વતી ધામમાં શિક્ષણ અને સારા સંસ્કારો લેવા આવતા હોય છે, પરંતુ આવા ગરમ મિજાજના શિક્ષકો બાળકોને ઢોરની માફક માર મારે તો નાના ભુલકા શાળાએ આવતા ગભરાશે. ત્યારે લોકોની ઉગ્ર માંગ છે કે આ આચાર્યને પકડી જેલ હવાલે કરાય અને કડક સજા થાય. વધુમાં કે આ ઉત્તર બુનિયાદી વિદ્યાલય એક ટ્રસ્ટ ચલાવી રહ્યું છે, તો આવા ગરમ મિજાજી આચાર્યને નોકરીમાંથી અને મુખ્ય જવાબદારીમાંથી દૂર કરવા જોઈએ.

## મહેસાણા પોસ્ટલ ડીવીઝનની ત્રિ-માસિક ડાક અદાલત યોજાશે

મહેસાણા, તા. ૧૫

મહેસાણા પોસ્ટલ ડીવીઝનની સેવાઓ જેવી કે દેશ-વિદેશને લગતી ટપાલ સેવાઓ સહિત પેન્શન અંગેની ફરિયાદો અને રજુઆતોના નિકાલ કરવા માટે ૨૬ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ સવારે ૧૧ કલાકે અર્ધવાર્ષિક પેન્શન અદાલત તથા ૧૨ કલાકે ત્રિમાસિક ડાક અદાલત સુપ્રી. ઓફ પોસ્ટ ઓફિસીઝ મહેસાણા ડીવીઝન મહેસાણાની કચેરી ખાતે યોજવામાં આવનાર છે.

જે માટે ગ્રાહક સેવા કેન્દ્ર સુપ્રી ઓફ પોસ્ટ ઓફિસીઝ મહેસાણા ડીવીઝનમાં ૨૧ ડિસેમ્બર સુધીમાં અરજીઓ મોકલી આપવાની રહેશે તેમ સુપ્રી ઓફ પોસ્ટ ઓફિસીઝ મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# ડીસાના રાણપુર નજીક ભૂસ્તર વિભાગનો સપાટો : બે કરોડનો મુદ્દામાલ જપ્ત

### બિનઅધિકૃત રીતે રેતીનું ખનન કરતા બે હિતાચી મશીન અને ૧૫ ડમ્પર કબજે લેવાતાં ખનિજચોરોમાં ફફડાટ



બનાસકાંઠા જિલ્લાના ભૂસ્તર વિભાગે શુક્રવારે રાત્રે ડીસા તાલુકાનાં રાણપુર ગામ નજીક મોટું ઓપરેશન પાર પાડી બે કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ભૂસ્તર વિભાગે રાણપુર ગામ નજીકથી રોયલ્ટીની ચોરી કરતાં ૧૫ ડમ્પર અને ૨ હિટાચી મશીન ઝડપી પાડ્યા છે.



તસવીર : કાંતિલાલ લોધા

બનાસકાંઠા જિલ્લાના ભૂસ્તર વિભાગે ડીસા તાલુકાનાં રાણપુર ગામ નજીકથી પસાર થતી બનાસ નદીમા શુક્રવારે રાત્રે મેગા ઓપરેશન હાથ ધરી ગેરકાયદેસર રીતે રેતીની ચોરી કરતાં ૧૫ મહાકાય ડમ્પર અને ૨ હિટાચી મશીન ઝડપી પાડ્યા હતા અને આ વાહનોના માલિકો પાસેથી દંડ વસુલવાની તજવીજ હાથ ધરી હતી.આ કાર્યવાહીથી ખનિજમાફિયાઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે અને ભૂસ્તર વિભાગની કામગીરી સરાહના મેળવી રહી છે.

# મોડાસા નગરમાં સરદાર પટેલની પ્રતિમાએ પુણ્યતિથિએ કોઈ પણ રાજકીય પક્ષો કે વહીવટી તંત્ર ડોકાયું નહિ

ભારતના શિલ્પી અને અખંડ ભારતના ઘડવૈયા સરદાર વલ્લભભાઈ પટેલના નામે ચૂંટણી ટાણે ભાજપ અને કોંગ્રેસ જેવા



રાજકીય પક્ષો મત મેળવવા ખેંચમતાણ કરતા અને રાજનીતિ કરતા જોવા મળે છે.

સરદાર સાહેબની જન્મજયંતિ પર યાદ કરનારા લોકો સરદાર પટેલની પુણ્યતિથિ શ્રદ્ધાંજલિ આપવાનું ચુકી જતા અનેક તર્ક વિતર્ક સર્જાયા હતા. અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે આવેલી સરદાર સાહેબની પ્રતિમાને કોલેજના વિદ્યાર્થીઓ તેમજ સામાજિક કાર્યકરો દ્વારા શ્રદ્ધાંજલિ અર્પી પ્રતિમાને ફુલહાર પહેરાવી પુષ્પાંજલિ અર્પી હતી.

અખંડ ભારતના ઘડવૈયા એવા સરદાર પટેલની ૧૫ ડિસેમ્બરના રોજ પુણ્યતિથી હતી ત્યારે માત્ર ને માત્ર આમ નાગરિકોએ જ તેમને યાદ કર્યા હતા. અરવલ્લી જિલ્લાના મોડાસામાં એકમાત્ર સરદાર સાહેબની પ્રતિમા મોડાસા નગરપાલિકાના બગિચામાં છે, ત્યાં સરદાર સાહેબની પુણ્યતિથિએ કોલેજના વિદ્યાર્થીઓ તેમજ બગિચા સ્ટાફ સહિત સામાજિક કાર્યકર નિલેશ જોશી અને તેમની ટિમ દ્વારા સરદાર પટેલને યાદ કરીને પુષ્પાંજલિ અર્પી હતી. સામાન્ય દિવસોમાં જ્યારે સરદાર પટેલ જયંતિ હોય છે ત્યારે મોટી સંખ્યામાં વહીવટી તંત્ર તેમજ રાજકીય પક્ષો દેખાવો કરવા પહોંચી જતા હોય છે પરંતુ સરદાર પટેલની પુણ્યતિથિએ સરદાર પટેલની પ્રતિમાની આસપાસ રાજકીય પક્ષોના અગ્રણીઓ કે કાર્યકરો અને વહીવટીતંત્ર પણ ન ડોકાતા સરદાર ભુલાયા હોય તેવું આજના દ્રશ્યો પરથી નગરજનોએ અહેસાસ કર્યો હતો.

## અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણનું ગૌરવ

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના બામણવાડ ગામના રહેવાસી અને અણદાપુર



પ્રા.શાળાના ગણિત-વિજ્ઞાન શિક્ષક ડૉ. જેતલ જે. પંચાલે એમ.ફીલ. પદવી મેળવ્યા બાદ તાજેતરમાં પીએચ.ડી. (શિક્ષણશાસ્ત્ર)ની પદવી મેળવી હતી. હાલમાં, ૩૦ સપ્ટેમ્બર-૨૦૧૮ના રોજ આસિ. પ્રોફેસરની લાયકાત માટે લેવાયેલ ૧૩મી જી.સેટ (સ્લેટ) પરીક્ષા શિક્ષણશાસ્ત્ર (એજ્યુકેશન) વિષયમાં પ્રથમ પ્રયત્ને ૩૦૦માંથી ૧૭૮ ગુણ મેળવી ઉત્તિર્ણ કરી સમગ્ર જિલ્લાના પ્રાથમિક શિક્ષક સમાજનું ગૌરવ વધારેલ છે. આ જ શિક્ષકે અગાઉ પણ યુ.જી.સી.-નેટ પરીક્ષા પણ બે વખત (જૂન-૨૦૧૨, જૂન-૨૦૧૪) પાસ કરેલ છે. અત્રે નોંધનીય છે કે સદરહુ પરીક્ષામાં ૨૪૪૭૧ પૈકી ૧૫૯૫ પરીક્ષાર્થીઓ ઉત્તિર્ણ થયા હતા. આમ, પરીક્ષાનું પરિણામ માત્ર ૬.૫૧ ટકા જ રહ્યું હતું. પ્રાથમિક શાળામાં પ્રાથમિક શિક્ષક તરીકે નોકરી કરતા જઈને શિક્ષણ ક્ષેત્રમાં ઉચ્ચ પદવીઓ મેળવી હવે શિક્ષકો પણ નવી કેડી કંડારી રહ્યા છે.

# ખેડબ્રહ્મા નગરપાલિકામાં કલાર્કને ઓ.એસ. તરીકે બઢતી આપતા વિવાદ

ખેડબ્રહ્મા, તા. ૧૫

ખેડબ્રહ્મા નગરપાલિકામાં મંજુર થયેલ મહેકમ માળખામાં ઓ.એસ.ની જગ્યા મંજુર થયેલ ન હોવા છતાં શોપ ઈન્સ્પેકટર ક્લાર્કને ઓ.એસ.બનાવી દેવાની વિગતો માહિતી અધિકાર હેઠળ બહાર આવતા શહેરમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

ખેડબ્રહ્માના કૈલાશદાસ કલ્યાણદાસ સાધુએ પાલિકાના ઓ.એસ.અંગે માહિતી અધિકાર હેઠળ ૧૭-૯-૧૮ના રોજ માહિતી માગેલ હતી. સમય મર્યાદામાં પાલિકા દ્વારા અરજદારને માહિતી આપવામાં આવી ન હતી. તેથી કૈલાસદાસે પ્રાદેશિક મ્યુનિ. કમિશ્નર ગાંધીનગરને અપીલ કરી હતી. તેની મુદત ૨૧-૧૧-૨૦૧૮ રોજ રાખવામાં આવી હતી. અને કમિશનરે આ માહિતી અરજદારને આપવા પાલિકાને ફરજ પાડી હતી. આ માહિતીમાં નગરપાલિકાના વ્યવસાયવેરા અને શોપ ઈન્સ્પેકટર ક્લાર્ક વિરેન્દ્રસિંહ જે. પરમારને પાલિકામાં ઓ.એસ.નું મહેકમ ન હોવા છતાં ઓ.એસ. બનાવી દેવામાં આવ્યો હતો. અને ઓ.એસ.ની અલગ ઓફીસ પણ ફાળવી દેવામાં આવી હતી.

વિરેન્દ્રસિંહ તમામ કર્મચારીઓની દેખરેખ, ખર્ચના બિલો વગેરેનો કાર્યભળ સાંભળતા હતા. આ કાર્યભળ દરમિયાન પગાર સહિતના તમામ ખર્ચના બિલ અંગેનો પ્રશ્ન ભવિષ્યમાં ઉપસ્થિત થશે તેવા એંધાણ દેખાઈ રહ્યા છે. આ અંગે ચીફ ઓફિસર ઓ.એસ. લોઢાવળાએ જણાવ્યું હતું કે વિરેન્દ્રસિંહને ઓ.એસ.ના કાર્યભાળનો કોઈ વધારાના પગાર ચુકવાયો નથી તેમને ક્લાર્કનો પગાર જ ચૂકવાયો છે. આવતા અઠવાડિયામાં આ અંગે ઘટતું કરવામાં આવશે.


તસવીર : કાંતિલાલ લોધા

## ડીસાના માલગઢથી સોનાણા ખેતલાજી પદયાત્રા સંઘનું પ્રસ્થાન

ડીસા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં વસતા ગેલોત પરિવાર દ્વારા આયોજિત માલગઢ ગામથી સોનાણા ખેતલાજી ધામના પદયાત્રા સંઘે ગતરોજ પ્રસ્થાન કર્યું હતું. ડીસા હનુમાનનગર પાસેથી ભુવાજી માળી, દિનેશભાઈ નારણજી માળી, સુખદેવ ભાઈ, બાબુલાલ તેમજ અન્ય અગ્રણીઓની ઉપસ્થિતિમાં માલગઢથી સોનાણા ખેતલાજીનો સંઘ રવાના થયો હતો.આ સંઘમાં સમાજના લોકો મોટી સંખ્યામાં જોડાયા છે. વાજતે-ગાજતે નીકળેલા આ સંઘમાં જોડાયેલા ભાઈ-બહેનો અને માઈ ભક્તો માટે રસ્તામાં ચા-નાસ્તો ભોજન તેમજ આરામની સુવિધા પણ ઉપલબ્ધ કરાશે. આ સંઘ ખેતલાજીના ધામમાં પહોંચી પૂજા અર્ચના કરી ધન્યતા અનુભવશે.આ સંઘમાં ખેતલાજીના નામ સાથે ભાવિકભક્તો જુમી ઉઠ્યા હતા જેમાં ગેલોત પરિવારના મોટી સંખ્યામાં ભક્તો જોડાયા છે.

## બેચરાજી અને કડી ખાતે સરદાર સાહેબની પ્રતિમાનું અનાવરણ કરાયું

મહેસાણા, તા. ૧૫

સમગ્ર જિલ્લામાં બે તબક્કામાં એકતા રથ યાત્રા જિલ્લા ગામો અને શહેરોમાં પરિભ્રમણ કર્યું હતું. મહેસાણાના જિલ્લામાં એકતા યાત્રાને બહોળો પ્રતિસાદ મળ્યો હતો. ગ્રામજનો અને નગરજનો દ્વારા એકતા રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવતું હતું. મહેસાણા જિલ્લામાં બે રથ દ્વારા જિલ્લાના મોટા ભાગના ગામો અને શહેરોમાં એકતા રથ યાત્રા દ્વારા પરિભ્રમણ કરી એકતાનો સંદેશો પહોંચાડવામાં આવ્યો હતો.

જે અંતર્ગત કડી અને બેચરાજી ખાતે આ રથમાં રાખેલ પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. બેચરાજી ખાતે સરકારી વિનિયન કોલેજ ખાતે અનાવરણ સમયે ઉપસ્થિત પોલીસ આવાસ નિગમના ચેરમેન ડી.ડી. પટેલે જણાવ્યું હતું કે સ્ટેચ્યુ ઓફ યુનિટી આજે એકતાનું પ્રતિક બની છે. વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાને નિહારવાનો અનોખો લ્હાવો છે. તેમણે વિનિયન કોલેજનના તમામ વિધાર્થીઓ અને સ્ટાફને પોતાના ખર્ચે સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવાનું આમંત્રણ આપ્યું હતું.

કડી એસ.વી કેમ્પસ ખાતે ચેરમેન સુનિલ સિંધીના અધ્યક્ષ સ્થાને પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. સુનિલ સિંધીએ જણાવ્યું હતું કે દેશની પ્રગતિનો આધાર સામાજીક એકતા અને સમરસતા પર છે. એકતા ભાવથી ભારતમાતા પ્રત્યેનો ભાવ જાગૃત કરી પરમ વૈભવના શિખરે પહોંચાડવા તેમણે આહ્વવાન કર્યું હતું.

# ભિલોડા પોલીસ દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી નાસતો-ફરતો આરોપી ઝડપાયો

ભિલોડા,તા.૧૫

ભિલોડા પોલીસ ધ્વારા છેલ્લા ત્રણ વર્ષથી નાસતો-ફરતો શામળાજી પોલીસ સ્ટેશનનો આરોપી બાતમીના આધારે પોલીસએ પાલીસોડા બોર્ડર, આંબાબાર ધોરીમાર્ગ ઉપરથી ઝડપી લીધો હતો. પોલીસએ ધારા ધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરી હતી.

ડીસેમ્બર માસ દરમ્યાન નાસતા ફરતા આરોપીઓને જાણે કે પકડવાની ખાસ ઝુંબેશ રાખવામાં આવી છે. આરોપીઓને પકડવાની ઝુંબેશ સંદર્ભે પોલીસ સ્ટેશન પો.સ.ઈ. એ.જે. ચૌહાણ, એમ.આર.સંગાડાએ પોલીસની જુદી-જુદી ટીમો બનાવી વિવિધ ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓની સઘન તપાસ હાથ ધરવામાં આવી છે.